॥ सा विद्या या विमुक्तये ॥

શ્રી મોઢેશ્વરી વિજયતેતરમ્

# શ્રી ગુજરાતી (હાલારી સમવાય) ચાતુર્વેદીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ.

સં. ૨૦૨૦ કારતક શુદ ૧ તા. ૫-૧૧-૬૪ થી આસો વદ ૦)) તા. ૨૪-૧૦-૬૫ સુધીનો

# ૧૯ મો રીપોર્ટ

२०२१

કાર્યવાહી મંડળની આજ્ઞાથી
છપાવી પ્રસિદ્ધ કરનાર :


**રસીકલાલ મગનલાલ ઉપાધ્યાય**
**છોટાલાલ ભવાનીશંકર શુકલ**
**વ્રજલાલ મણિશંકર શુકલ**
માનદ્ મંત્રીઓ.



સંવત ૨૦૨૧ માં 'વિદ્યાર્થી ભુવન'નો
નવો બંધાયેલો વિભાગ

# પ્રમુખશ્રીનું નિવેદન

**આદરણીય જ્ઞાતિજનો,**

આપણા મંડળનો ૧૯ મો રીપોર્ટ મંડળના મંત્રીઓએ જરૂરી નિવેદન સાથે રજૂ કર્યો છે. એટલે મારે ખાસ કંઇ ઉમેરવાનું ન હોય. છતાં અંગત રીતે થોડું લખવાની જરૂર જણાય છે.

આપણી જ્ઞાતિના સદ્‌ભાગ્યે આપણી જે આશા હતી –બોર્ડીંગને સ્વાવલંબી બનાવવાની– તે મહદ્‌ અંશે ફળી ભૂત થઈ છે. હવે પછીના વર્ષોમાં આર્થીક દૃષ્ટિએ બોર્ડીંગને ખાસ મુશ્કેલી નહિ રહે તેમ લાગે છે. આપણી જ્ઞાતિમાંથી જ પ્રસંગોપાત મદદ મળ્યા જ કરે છે. એટલે ભાડાની આવક તથા વ્યાજની આવક વગેરેની ગણત્રી કરતાં આપણો ખર્ચ નભી શકશે એ વિષે મને શંકા નથી.

ઘણાં વર્ષોની જ્ઞાતિના હિતચિંતકોની મહેનતનું આ ફળ છે, તેમ હું માનું છું. આ કાર્યમાં પરોક્ષ અને અપરોક્ષ રીતે જેઓએ સેવા આપી છે તે બધાને હું પ્રણમું છું.

મકાન ફંડમાં શ્રી જેઠાલાલ મણિશંકર ત્રિવેદી – મુંબઇનો ફાળો ઘણો છે. તેમને ધન્યવાદ ઘટે છે. જાહેરખબરો મેળવવામાં તેને સતત મદદરૂપ થનાર જ્ઞાતિના પરમ હિતચિંતક શ્રી રમણિકલાલ રતનજી ભટ્ટ જે આપણા પ્રમુખ હતા, તેનો ફાળો ઘણો છે. તેનો ખૂબ જ આભાર – ધન્યવાદ.

મારા પ્રમુખપદ દરમ્યાન આપણા ઉપપ્રમુખ શ્રી ચીમનલાલ પુરુષોત્તમ ત્રિવેદીએ મંડળનું સફળ સંચાલન કર્યું છે. મકાન બાંધકામ દરમ્યાન તેઓ તથા તેમના સુપુત્ર શ્રી મગનલાલ ચીમનલાલ ત્રિવેદીએ અવિરત સેવાઓ આપી છે. તેમનો ઉત્સાહ અનેરો હતો. આશા છે કે મંડળને તેમની સેવાઓ સતત મળ્યા કરશે. તેમનો અત્યંત આભાર – અભિનંદન.

મંડળના મારા સહકાર્યકરો, સલાહકારો, ટ્રસ્ટીઓ, ઓડીટરો, વિદ્યાર્થીભુવનના વિદ્યાર્થીગણ, દાતાઓ તથા સમસ્ત જ્ઞાતિજનોનો હું મંડળના સફળ સંચાલનમાં સહાય કરવા બદલ ઉપકાર માનું છું.

અમારા કાર્યમાં ક્ષતિઓ રહી ગઇ હોય તે સ્વાભાવિક છે. પરંતુ અમારું ધ્યેય હંમેશાં જ્ઞાતિનું વિશાળહિતમાં જ રહ્યું છે.

મકાનફંડ કરતાં ખર્ચ વિશેષ થયું છે. અમારી દૃષ્ટિએ આ જરૂરી હતું–ભવિષ્યને માટે અધિવેશન પણ નિયત સમય કરતાં એક યા બીજા કારણે મોડું બોલાવાયું છે. આ બધી ક્ષતિઓ આપ ઉદાર ભાવે દરગુજર કરશો એવી અપેક્ષા છે.

આપણી બોર્ડીંગમાં ભણી ગયેલાં વિદ્યાર્થીઓમાં કેટલા સારી સ્થિતમાં હાલ છે તેની મોજણી કરીએ તો આપણી આટલા વર્ષોની મહેનતનું શું ફળ આવ્યું છે તે જરૂર જાણી શકાય - સંતોષ અને ગર્વ થાય.

શિક્ષણક્ષેત્રે હવે આપણી જ્ઞાતિ પાછળ નથી રહી. સામાન્ય રીતે અત્યારે વિદ્યાર્થી કરતાં વિદ્યાર્થીનીઓ જરૂર આગળ રહે છે. થોડા મહીના ઉપર આપણી જ્ઞાતિનાં કુ. અરવીંદા નટવરલાલ ત્રિવેદી - અમદાવાદ વકતૃત્વ હરિફાઈમાં પહેલા આવી સુવર્ણચંદ્રક મેળવેલ છે. તે બીજાઓને માટે અનુકરણીય છે. તેમને આપણા બધા વતી અભિનંદન.

અંતમાં નવા પ્રમુખશ્રીની સફળતા અને મંડળની પ્રગતિ ઇચ્છી વિરમું છું. એ જ.

મનસુખલાલ હરિલાલ ત્રિવેદી

# આમુખ

## सत्य शिवम् सुंदरम्

ॐ इशा वास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यचिद्धनम् ॥

**પ્રિય સુજ્ઞ જ્ઞાતિબંધુઓ તથા ભગિનીઓ,**

આપણા મંડળનો ૨૦૨૧ના કારતક શુદ ૧ તા. ૫-૧૧-૬૪ થી આસો વદ ૦)) તા. ૨૪-૧૦-૬૫ સુધીનો વાર્ષિક રીપોર્ટ આપની સમક્ષ સહર્ષ રજૂ કરીએ છીએ.

મંડળનું સરવૈયું તથા આવક ખર્ચનો વાર્ષિક હિસાબ અને વિદ્યાર્થી ભુવન અંગે થયેલ ખર્ચની વિગત આ સાથે આપવામાં આવેલ છે. જેથી મંડળની આર્થિક પરિસ્થિતિનો સૌને ખ્યાલ આવશે. આવકની દૃષ્ટિએ જોતાં છેલ્લા ૧૮ માં રીપોર્ટમાં મળેલ જાહેર ખબરો તથા ભાડાની આવક તથા લગ્ન પ્રસંગે જ્ઞાતિબંધુઓ તરફથી આવેલ ભેટ વગેરેથી કુલ રૂા. ૧૪૯૮૧-૫૯ ની આવક થયેલ. જ્યારે કુલ ખર્ચ રૂા. ૧૨૬૬૦-૩૫ થયેલ છે. આવી સખત મોંઘવારી હોવા છતાં વિદ્યાર્થી ભુવનનું ખર્ચ કુલ ભોજન ખર્ચ તથા કર્મચારીઓના પગાર વગેરે મળીને રૂા. ૯૦૫૮-૪૭ થયેલ છે. (જ્યારે રેશનીંગ વગેરેની કટોકટીને લીધે વર્ષના છેલ્લા ત્રણ દિવસોમાં આપણે રૂા. ૯૦૩-૫ નો માલ લેવો પડયો છે જે સ્ટોકમાં છે જ. તેને બાદ કરતાં ખરેખર ખર્ચ રૂા. ૮૧૫૫-૪૨ પૈસા થયેલ છે. ઉપરાંત નવા બાંધકામનું ખર્ચ રૂા. ૨૬૨૫૦-૦૦ આવેલ છે.

આ રીપોર્ટના વર્ષ દરમિયાન કારોબારી તથા સલાહકાર સમિતિની કુલ ચાર બેઠકો મળી હતી, જે તા. ૧૯-૧૨-૬૪, તા. ૧૦-૪-૬૫ તથા તા. ૧૧-૪-૬૫, તા. ૨૭-૬-૬૫, તા. ૬-૯-૬૫ના રોજ મળેલ હતી.

પ્રથમ કારોબારી તથા સલાહકાર સમિતિની બેઠક તા. ૧૯-૧૨-૬૪ના આપણી કારોબારીના ઉપપ્રમુખ મુ. શ્રી. ચીમનલાલ પુરુષોત્તમ ત્રિવેદીના પ્રમુખસ્થાને આપણા વિદ્યાર્થી ભુવનમાં મળેલ હતી. આ કારોબારીની કાર્યવાહીમાં બીજા સત્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત, વિધવા સહાય બાબત તથા શ્રી મુકુન્દરાય મણિશંકર દવેની નવા ગૃહપતિ તરીકે નિમણુક કરવા બાબત તથા નવા બાંધકામ માટે એક કમિટિ નિમવા બાબત ચર્ચા વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ.

બીજી કારોબારી તા. ૧૦-૪-૬૫ના રોજ આપણા વિદ્યાર્થી ભુવનમાં મળેલ હતી. આ બેઠકમાં બીજા સત્રની અધવચ્ચે વિદ્યાર્થીઓને આપેલ પ્રવેશ બાબત તથા શિષ્યવૃત્તિ આપવા બાબત તથા આપણી સંસ્થાના ૨૦૨૦ના કારતક શુદ ૧ તા. ૧૮-૧૦-૬૩ થી આસો વદ ૦))

તા. ૪-૧૧-૬૪ સુધીનો હિસાબ જે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પુંજાણી એન્ડ કું. માં ઓડીટ કરાવ્યો હતો તેને મંજૂરી આપવા બાબત તથા યુનિયન બેંક ઓફ ઇન્ડિયા લિ. માંથી ફિક્સ ડીપોઝીટમાંથી રૂા. ૫,૦૦૦-૦૦ નવા બાંધકામના ખર્ચ માટે ઉપાડી સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્રના સેવીંગ ખાતામાં મૂકવા બાબત વિચારણા કરી નિર્ણય લેવામાં આવેલ. આ બીજી કારોબારીની બેઠક તા. ૧૧-૪-૬૫ના રોજ ચાલુ રહેલ. આ બેઠકમાં શ્રી કેશવલાલ લવજીનું ટેન્ડર મંજૂર કરવા બાબત નિર્ણય લેવામાં આવેલ. આ કારોબારીની બેઠકમાં મુરબ્બી શ્રી રમણિકલાલ રતનજી ભટ્ટ મુંબઈથી ખાસ આવેલ હતા. ઉપરાંત મુરબ્બી શ્રી ભાઈશંકર ગોવિંદજી ઉપાધ્યાય તથા મુ. શ્રી બાબુલાલ વિશ્વનાથ ભટ્ટ (જસદણ) હાજર રહેલ હતા.

ત્રીજી કારોબારીની બેઠક તા. ૨૭-૬-૬૫ના રોજ આપણા વિદ્યાર્થી ભુવનમાં મળેલ હતી. આ બેઠકમાં ૧૯૬૫-૬૬ના પ્રથમ સત્રમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા બાબત, શિષ્યવૃત્તિ બાબત તથા મકાન બાંધકામ માટેનું અંદાજી ખર્ચ રૂા. ૨૫૦૦૦/- ની મંજૂરી બાબત તથા વિદ્યાર્થી ભુવનના વધારાના ભાગને ભાડે આપવા બાબત, વાર્ષિક સંમેલન ન મળેલ હોય નવા હિસાબી વર્ષ માટેના ખર્ચની રકમ રૂા. ૮૦૦૦/- મંજૂરી બાબત વિચારણા કરી યોગ્ય નિર્ણય લેવામાં આવેલ.

ચોથી કારોબારીની બેઠક તા. ૬-૯-૬૫ના રોજ આપણા વિદ્યાર્થી ભુવનમાં આપણી કારોબારીના પ્રમુખ શ્રી મનસુખલાલ હરિલાલ ત્રિવેદીના પ્રમુખ સ્થાને મળી હતી. આ બેઠકમાં સત્રની વચ્ચે આવેલ વિદ્યાર્થીઓની પ્રવેશ અરજીઓ બાબત તથા શિષ્યવૃત્તિની અરજીઓ બાબત તથા આપણા વિદ્યાર્થી ભુવનની બે દુકાનો ભાવના પ્રોવિઝનલ સ્ટોર્સને રૂા. ૭૦/- ના માસિક ભાડાથી ભાડે આપવા બાબત વિચારણા કરી નિર્ણય લેવામા આવેલ.

આ ઉપરાંત જે તે સમયે દૈવયોગે વિખુટા પડેલા આપણા જ્ઞાતિ જનોના અવસાનની નોંધ લઈ દિલગીરી વ્યક્ત કરી તેઓના કુટુંબી જનોને આશ્વાસન પાઠવવા અંગેના ઠરાવો થયેલ.

યુગ પરિવર્તનની સાથે સામાજિક જીવનના મુલ્યાંકનમાં પણ નવી દૃષ્ટિ આવવાની જ. વિશાળ રાષ્ટ્રીય ભાવના પાસે જ્ઞાતિ ભાવના જરા સંકુચિત લાગશે. પરંતુ આપણે એ ભૂલવું જોઇએ નહિ કે તે મહાન રાષ્ટ્રીય જીવનના સાગરનાં આપણે એક માત્ર બિન્દુ છીએ. એટલે આપણા સર્વાંગી વિકાસમાં રાષ્ટ્રનો સર્વાંગી વિકાસ રહેલો જ છે. આ હેતુથી પ્રેરાઈ આપણે ભગિરથ પ્રયત્ન કરી રહ્યા છીએ. આપણા જ્ઞાતિ બંધુઓ આપણા મંડળની સર્વદેશીય પ્રગતિ માટે પ્રેમ-સહકાર અને સંપ ઉત્સાહ અને ત્યાગ ભાવનાથી જે કાર્ય કરી રહેલ છે તેને લીધે જ આજે આપણી સંસ્થા આ ઉન્નતિના સર્વોચ્ચ શિખર તરફ જઇ રહી છે. આપણું મંડળ હવે લગભગ પગભર થઈ જશે. તે કંઈ નાની સૂની સિદ્ધિ નથી તેમ કહીએ તો અતિશયોક્તિ નહિ લાગે. આપણે ખભે ખભા મિલાવી પ્રેમ અને ઉત્સાહથી આપણી આગેકૂચ ચાલુ રાખીએ એ જ અપેક્ષા.

અમોને જણાવતાં ખૂબજ હર્ષ થાય છે કે આ વર્ષ દરમિયાન આપણા વિદ્યાર્થી ભુવનના કોઠાર રૂમ તથા રસોડા તથા ગૃહપતિના રૂમ ઉપર નવા ચાર રૂમ બંધાવવામાં આવેલ છે. તે ઉપરાંત બહારની બાજુએ બે દુકાનો બંધાવવામાં આવી છે. આ નવા બાંધકામ માટેની રકમના ફાળા માટે મુરબ્બી શ્રી જેઠાલાલ મણિશંકર ત્રિવેદી (મુંબઈ) તથા મુરબ્બી શ્રી રમણિકલાલ રતનજી ભટ્ટ તરફથી પૂર્ણ સહકાર તથા માર્ગદર્શન મળેલ છે. અને તેઓએ મુંબઈમાંથી રકમ એકઠી કરી આપેલ છે. તે બદલ અમો તેઓનો ખૂબ ખૂબ અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

આ ઉપરાંત મુ. શ્રી દુર્લભજી રેવાશંકર ત્રિવેદીએ તેમના પૂ. પિતાશ્રીના સ્મરણાર્થે રૂા. ૧૫૦૦/– આપી કોઠાર રૂમ ઉપર એક રૂમ બંધાવી આપેલ છે. આ બદલ અમો તેમનો ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. તે જ પ્રમાણે ગ. સ્વ. મુ. નર્મદા બહેન ચંદ્રશંકર વૈદ્યે તેમના પતિશ્રીના સ્મરણાર્થે રૂા. ૧૦૦૦/–આપી એક દુકાન બંધાવી આપી છે તેમ જ ગં. સ્વ. પદ્માબહેન મહેશભાઈ ભટ્ટે રૂા. ૮૦૦/– આપી તેમના પતિશ્રી મહેશભાઈના સ્મરણાર્થે એક દુકાન બંધાવી આપેલ છે. આ બદલ અમો તેઓ બન્નેનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

આપણા મંડળના પ્રમુખશ્રી મનસુખલાલ હરિલાલ ત્રિવેદીએ અમોને જે માર્ગદર્શન અને પ્રેરણા આપેલ છે. તે બદલ અમો તેમનો અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ.

આ વર્ષ દરમિયાન કારોબારી તથા સલાહકાર સમિતિના સભ્યો તથા ટ્રસ્ટીઓએ અમોને જે માર્ગદર્શન આપેલ છે તે બદલ અમો તેઓ સર્વેનો આભાર માનીએ છીએ. આ માટે અમોને સ્થાનિક ઉપપ્રમુખ મુ. શ્રી ચીમનલાલ પુરુષોત્તમ ત્રિવેદી તથા મુરબ્બી શ્રી રતિલાલ શિવશંકર ત્રિવેદી તરફથી જે કિંમતી સલાહ સૂચનો અને માર્ગદર્શન મળેલ છે, તેમની પ્રેરણાથી જ અમારું કામ સરળ બન્યું છે. તેમની પ્રેરણા વિના આપણા ભુવનના નવા બાંધકામનું કામ ખૂબ મુશ્કેલ બનત. આ બન્ને મહાનુભાવ મુરબ્બીઓનો અમો ખરા અંતઃકરણ પૂર્વક આભાર માનીએ છીએ. આ ઉપરાંત દૂર હોવા છતાં મુરબ્બી શ્રી રમણિકલાલ રતનજી ભટ્ટ તથા મુરબ્બી શ્રી ભાઈશંકર ચકુભાઈ ત્રિવેદી તરફથી અમોને જે સતત સહકાર અને માર્ગદર્શન મળેલ છે તે બદલ તેઓનો પણ ખરા અંતઃકરણ પૂર્વક અમો આભાર માનીએ છીએ.

આપણી કારોબારીના કોષાધ્યક્ષશ્રી વ્રજલાલ મણિશંકર શુકલ કે જેમણે ખંત અને ઉત્સાહ પૂર્વક અમોને જે સહકાર આપેલ છે અને તેમની મહેનતથી જ આજે આવી સખત મોંઘવારીમાં પણ વિદ્યાર્થી ભુવનનુ ખર્ચ પ્રમાણમાં ઓછું થયું છે. આ ઉપરાંત અમારા મંત્રીઓના કાર્યમાં પણ જે ઉત્સાહથી તેમણે સહકાર આપેલ છે તે બદલ અમો તેમને ધન્યવાદ આપીએ છીએ તથા તેમનો આભાર માનીએ છીએ.

આ ઉપરાંત મુરબ્બી શ્રી મણિશંકર કરશનજી જાની (નાઇરોબી) દૂર આફ્રિકા વસતા હોવા છતાં જે આપણા મંડળના કાર્યમાં રસ લઈ રહ્યા છે. અને અમોને માર્ગદર્શન તથા સહકાર આપી રહ્યા છે તે બદલ તેમનો અમો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. તે જ પ્રમાણે શ્રી મૂળશંકર લાધારામ ઉપાધ્યાય તરફથી પત્રદ્વારા જે માર્ગદર્શન મળેલ છે તે બદલ તેમનો પણ અમો આભાર માનીએ છીએ. આ ઉપરાંત સ્થાનિક જ્ઞાતિ બંધુઓ, વિદ્યાર્થી મિત્રો, ગૃહપતિ તેમ જ ચાર્ટર એકાઉન્ટન્ટ શ્રી પુંજાણી એન્ડ કું. તથા બેંક ઓફ ઇન્ડિયા, સ્ટેટ બેંક ઓફ ઇન્ડિયા તથા યુનિયન બેંકના મેનેજર તથા અન્ય સ્ટાફના ભાઇઓ તેમ જ જે જે સ્વજ્ઞાતિ બંધુઓએ અમોને સહકાર તેમ જ માર્ગદર્શન આપેલ છે તે બધાનો અમે ફરી ફરી આભાર માનીએ છીએ.

આપણા વિદ્યાર્થી ભુવનના નવા બાંધકામ દરમિયાન શ્રી મગનલાલ ચીમનલાલ ત્રિવેદી જેમણે પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી નવા બાંધકામના કામ ઉપર સતત ખંત અને ઉત્સાહથી ધ્યાન રાખી મકાનને સુંદર તથા સગવડભર્યું બનાવવામાં જે ફાળો આપેલ છે તે બદલ અમો તેઓનો ખૂબ ખૂબ અંતઃકરણપૂર્વક આભાર માનીએ છીએ. આ ઉપરાંત મકાન બાંધકામના આર્ચિટેકટ શ્રી ઈન્દુભાઈ પરેખનો પણ અમે આભાર માનીએ છીએ.

કુમારી અરવિંદા નટવરલાલ ત્રિવેદી (અમદાવાદ) ગુજરાત યુનિવર્સીટી વકતૃત્વ હરીફાઈમાં પ્રથમ આવી સુવર્ણચંદ્રક મેળવી આપણી જ્ઞાતિનું જે ગૌરવ વધાર્યું છે તે બદલ તેમને ધન્યવાદ અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

અંતમાં દેશ વિદેશમાં રહેતાં આપણાં જે જે જ્ઞાતિબંધુઓએ અમોને સહકાર તથા માર્ગદર્શન આપેલ છે તે બધાનો અમો ફરીથી આભાર માનીએ છીએ.

અમારા કામમાં જે કોઈ ક્ષતિઓ રહી ગઈ હોય તે બદલ ક્ષમા કરશોજી

પ્રભુ આપણા માર્ગમાં પ્રેમ, પ્રગતિ અને પ્રકાશના કિરણો રેલાવે એ જ અભ્યર્થના.

ॐ सहनाववतु, सह नौ भुनक्तु
सह वीर्यं करवावहै तेजस्विनावधीतमस्तु मा विद्विषावहै ।

ॐ शान्तिः शान्तिः शान્તિઃ

એજ લી.

જ્ઞાતિના નમ્ર સેવકો,

**રસિકલાલ મગનલાલ ઉપાધ્યાય**

**છોટાલાલ ભવાનીશંકર શુકલ**

માનદ્ મંત્રીઓ.

# વિદ્યાર્થી ભુવન અહેવાલ

આપણા વિદ્યાર્થીઓના સાંસ્કૃતિક – આધ્યાત્મિક અને શારીરિક પ્રગતિ માટે આપણા વિદ્યાર્થી ભુવનમાં વિવિધ પ્રવૃત્તિઓ ચાલે છે.

વિદ્યાર્થીઓ પ્રભાતે વહેલા ઊઠી સમૂહમાં પ્રાતઃસ્મરણ કરે છે. તે પછી પ્રાતઃવિધિ કરી દંડ–બેઠક– સૂર્યનમસ્કાર જેવી જુદી જુદી શારીરિક કસરત કરે છે.

સવારે ૮ થી ૧૦ સામાન્ય રીતે વાંચનનો સમય છે. ૧૦ થી ૧૦–૩૦ બપોરનું ભોજન ૧૧ થી ૫ અથવાં શિફટ હોય ત્યાં શાળાનો સમય ૧૨ થી ૫–૪૫ હોય છે. કેટલાક વિદ્યાર્થીઓનો શાળાનો સમય સવારે ૮ થી ૧૨–૪૫ પણ છે. સાંજે ૬ થી ૭ રમત–ગમત અને ફરવાનો સમય છે. રાતના આઠ વાગે સાંજની સમૂહ પ્રાર્થના કરે છે. દરેક વિદ્યાર્થી ૧૦–૩૦ સુધી પોતાના પાઠ– શાળાએ આપેલ ગૃહકાર્ય વગેરે કરે છે. આ ઉપરાંત વિદ્યાર્થી-ભુવનમાં આવતા સાપ્તાહિકો–માસિકો દૈનિકો વગેરેનો પણ વિદ્યાર્થીઓ લાભ લે છે.

અભ્યાસમાં નબળા વિદ્યાર્થીઓને બીજા ઉચ્ચ કક્ષાના વિદ્યાર્થીઓ અભ્યાસમાં મદદ કરે છે. આ પ્રમાણે સહકાર અને ખંતથી વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં આગળ વધવાનો પ્રયત્ન કરે છે.

આ ઉપરાંત આ સમય દરમિયાન રાષ્ટ્રીય તહેવારો જેવા કે ૧૫ મી ઓગસ્ટ તથા ૨૬ મી જાન્યુઆરીને દિવસે જુદી જુદી રમતો – ખોખો – હુતુતુ – લંગડી – જુદી જુદી જાતની દોડોની હરિફાઈઓ ગોઠવવામાં આવેલ અને પ્રથમ આવનાર વિજેતાને પ્રતિક ભેટ આપવામાં આવેલ. આ ઉપરાંત આવા તહેવારોની રાત્રે સાંસ્કૃતિક પ્રોગ્રામ રાખવામાં આવેલ જેમાં દરેક નાના મોટા વિદ્યાર્થીઓએ ઉત્સાહથી ભાગ લીધેલ. સામાન્ય રીતે સંગીત–લોકગીત લોકવાર્તા, સંવાદો– ટૂચકાઓ જેવા કાર્યક્રમો રાખવામાં આવેલ હતા.

આ ઉપરાંત આ વર્ષ દરમિયાન ત્રણ નાના મોટા પ્રવાસો યોજવામાં આવેલ હતા. બે પ્રવાસ અત્રે રાજકોટથી દશેક માઈલ દૂર આવેલ પ્રકૃત્તિધામ સમા બિલેશ્વર ખાતે યોજવામાં આવેલ. ત્રીજા મોટા પ્રવાસ દરમિયાન વિદ્યાર્થીઓએ જુનાગઢ અને ગિરનાર જેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. તે ઉપરાંત સાંસ્કૃતિક અને શૈક્ષણિક ક્ષેત્રના ધામ જેવા શારદા-ગ્રામની પણ મુલાકાત લીધેલ હતી. છેવટે પશ્ચિમ ભારતના તીર્થધામ સમા ભગવાન સોમનાથનાં દર્શને ગયેલ. વિદ્યાર્થીઓએ આ પ્રવાસ દરમિયાન ઘણો જાત અનુભવ મેળવ્યો અને આનંદ માણ્યો.

જણાવતા આનંદ થાય છે કે આ વર્ષ દરમિયાન વિદ્યાર્થીઓએ શિક્ષણક્ષેત્રે નોંધ પાત્ર પ્રગતિ કરેલ છે. આપણા વિદ્યાર્થી ભુવનમાં કુલ પાંચ કોલેજીયનો હતા. તેમાંથી શ્રી ધીરજલાલ સેવકરામ શુકલે (ભાયાવદર) બી. એડ. માં ગુજરાત યુનિવર્સીટીમાં પ્રથમ વર્ગ મેળવી આપણી જ્ઞાતિનું ગૌરવ વધારેલ છે તે બદલ તેમને ધન્યવાદ અને હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ.

તેમણે વર્ષ દરમિયાન આપણા વિદ્યાર્થી ભુવનની શોભાને વધારવા ખરેખર ઉત્સાહ અને ખંતથી પ્રયત્ન કરેલ છે. એટલું જ નહિ પરંતુ તેમણે વિદ્યાર્થી સમક્ષ ખરેખર એક શિસ્તબદ્ધ આદર્શ અને પ્રતિભાશાળી વિદ્યાર્થીનો હુબહુ દાખલો પૂરો પાડયો છે. આ ઉપરાંત

શ્રી શંભુપ્રસાદ રામકૃષ્ણ જોશી (પ્રથમ વર્ષનો)

શ્રી અરવિંદ જેઠાલાલ રાવલ (પ્રિ. કોમર્સ)

શ્રી રમેશચંદ્ર પ્રાણલાલ (પ્રિ. કોમર્સ)

ત્રણેય ભાઇઓએ યુનિવર્સીટી પરીક્ષાઓ દ્વિતીય વર્ગ લઇ પસાર કરેલ છે. તેઓને પણ અમારાં હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. ઉપરાંત શ્રી ભાનુશંકર ગિરજાશંકર શુકલ જેઓ સંયોગો વસાત માર્ચ માસમાં પોતાની બી. એ. ની પરીક્ષા આપી શકેલ નહિ. તેમણે ઓકટોબર ૧૯૬૫માં પોતાની પરીક્ષા આપી બી. એ. માં વર્ગ લઈ પાસ થયેલ છે. તેમને પણ મારા હાર્દિક અભિનંદન છે. મેટ્રીકની પરીક્ષામાં ત્રણ વિદ્યાર્થીઓ બેઠા હતા તેમાંથી માત્ર એક જ સફળ થયા છે. જ્યારે દશ ધોરણ સુધીના સર્વે વિદ્યાર્થીઓ પાસ થયા છે.

આ ઉપરાંત વિદ્યાર્થીઓનું સમૂહ જીવન પણ પ્રશંસનીય રહ્યું છે. એક બીજા વિદ્યાર્થીઓ પોતપોતાની શકિત મુજબ એક બીજાને અભ્યાસમાં તથા મંદવાડના સમયે મદદ કરે છે. ઉપરાંત તેઓને સોંપવામાં આવેલ વિદ્યાર્થી ભુવનનું કાર્ય ઉત્સાહથી કરે છે.

વિદ્યાર્થીઓની પ્રગતિ અને વિવિધ પ્રવૃત્તિઓમાં આપણા ભુવનના ગૃહપતિ શ્રી મુકુન્દભાઈ દવે જે યુવાનની ધગશથી કાર્ય કરે છે તેનો ફાળો ખરેખર ઘણો છે. તે બદલ તેમને ધન્યવાદ અને અભિનંદન પાઠવું છું.

અંતમા આપણને જણાવતાં હર્ષ થાય છે કે વિદ્યાર્થીઓની શાળાની પ્રગતિનો અહેવાલ મેળવવા નવી યોજના શરૂ કરેલ છે. આ યોજના પ્રમાણે દરેક વિદ્યાર્થીઓ જે શાળામાં અભ્યાસ કરતા હોય તે શાળાના આચાર્યને ગૃહપતિ તરફથી રીપ્લાઇ કાર્ડ મોકલવામાં આવે છે અને જે તે શાળાના આચાર્ય તે વિદ્યાર્થીનો પ્રગતિનો અહેવાલ સીધો ગૃહપતિને મોકલાવી આપે છે. અભ્યાસમાં નબળા જણાતા વિદ્યાર્થીને પોતે માર્ગદર્શન આપવામાં આવે છે અને જરૂર જણાય તો તેમના વાલીને આ બાબત માહિતી આપવામાં આવે છે

આ વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓએ જે ઉત્સાહ અને ખંતથી કાર્ય કરેલ છે તે બદલ તેઓ બધા ધન્યવાદને પાત્ર છે, તેઓને અમારા હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. તેઓ પોતાના જીવનમાં ખંત અને ઉત્સાહથી સર્વદેશીય પ્રગતિ કરે અને આપણી જ્ઞાતિના નામને ઝળહળાવે તેવી શુભ કામના.

મંત્રીઓ

રસીકલાલ મગનલાલ ઉપાધ્યાય

છોટાલાલ ભવાનીશંકર શુકલ

વ્રજલાલ મણિશંકર શુકલ

# શ્રી ગુજરાતી હાલારી સમવાય ચાતુર્વેદીય મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ.

## સં. ૨૦૨૧ કારતક શુદ ૧ તા ૫-૧૧--૬૪ થી આસો વદ ૦)) તા. ૨૪-૧૦-૬૫ સુધીનો આવક ખર્ચનો હિસાબ.

| જ | | | ઉ | | |
|---|---|---|---|---|---|
| ભાડાની આવક | પરિ૦ ૧ | ૨૯૯૫-૦૦ | વિદ્યાર્થી ભુવન ખર્ચ | પરિ૦ ૧૪ | ૯૦૫૮-૪૭ |
| સભ્યલવાજમ પ્રવેશ ફી | પરિ૦ ૨ | ૨૦૭૫-૦૦ | સ્કોલરશીપ ખર્ચ ખાતે | પરિ૦ ૧૫ | ૧૬૧૦-૦૦ |
| ચાલુ મિતિ ભોજન | પરિ૦ ૩ | ૨૦૦-૦૦ | વિધવા સહાય ખર્ચ | પરિ૦ ૧૬ | ૮૪-૦૦ |
| લગ્ન પ્રસંગે ભેટ | પરિ૦ ૪ | ૨૭૭-૨૫ | શ્રી વટાવ કમીશન ખાતે | પરિ૦ ૧૭ | ૩-૬૨ |
| સગપણ પ્રસંગે ભેટ | પરિ૦ ૫ | ૯૬-૦૦ | શ્રી રીપોર્ટ ખર્ચ ખાતે | પરિ૦ ૧૮ | ૩૪૪-૦૦ |
| યજ્ઞોપવિત નિમિત્તે ભેટ | પરિ૦ ૬ | ૧૦-૨૫ | શ્રી સ્ટેશનરી ખર્ચ | | ૮૬-૭૧ |
| ઉત્તરક્રિયા નિમિતે ભેટ | પરિ૦ ૭ | ૧૦૬-૦૦ | શ્રી પોસ્ટેજ ખર્ચ | | ૮૮-૫૫ |
| વિવિધ પ્રસંગે ભેટ | પરિ૦ ૮ | ૧૧-૦૦ | શ્રી વકીલ ફી ઓડીટ ફી | | ૧૧૫-૦૦ |
| હિતેચ્છુઓ તરફથી ભેટ | પરિ૦ ૯ | ૫૦૧-૦૦ | શ્રી મકાન ઘસારો | પરિ૦ ૧૯ | ૮૭૦-૦૦ |
| વાર્ષિક સભ્ય લવાજમ | પરિ૦ ૧૦ | ૮૯-૦૦ | શ્રી ફરનીચરનો ઘસારો | પરિ૦ ૨૦ | ૧૧૬-૦૦ |
| વ્યાજની આવક | પરિ૦ ૧૧ | ૧૨૮૮-૦૯ | શ્રી ઠામવાસણનો ઘસારો | પરિ૦ ૨૧ | ૧૪૦-૦૦ |
| અધિવેશન પ્રસગે ભેટ | પરિ૦ ૧૨ | ૪૨-૦૦ | શ્રી પલંગનો ઘસારો | પરિ૦ ૨૨ | ૧૨૦-૦૦ |
| જાહેરખબરના આવ્યા | પરિ૦ ૧૩ | ૭૨૫૧-૦૦ | શ્રી પરચુરણ ખર્ચ | | ૨૪-૦૦ |
| પરચુરણ આવક ટેન્ડર ફી | પરિ૦ ૨૭ | ૪૦-૦૦ | ખર્ચ કરતાં આવકનો વધારો (ચાલુ ફંડ) | | ૨૩૨૧-૨૪ |
| | | ૧૪૯૮૧-૫૯ | | | ૧૪૯૮૧-૫૯ |

## સ્થાઈ કહી શકાય એવા આવક ખર્ચનો હિસાબ,

| | | | | | |
|---|---|---|---|---|---|
| મકાન ફાળા (સ્થાહિ) | પરિ૦ ૧૯ | | ખર્ચ | | |
| સ્થાહિ મકાન ફાળો. | | ૩૭૫૧-૦૯ | મકાન ખર્ચ | પરિ૦ ૧૯ | ૨૬૨૯૦-૯૪ |

રજુકરનાર
માનદ્ મંત્રીઓ
**ગુ. હા. ચા. મો બ્રા. હિ. મંડળ**
૩, જાગનાથ પ્લોટ
**રાજકોટ.**
તા. ૧-૧-૧૯૬૬

## શ્રી ગુજરાતી (સમવાય) હાલારી ચાતુર્વેદીય

સં. ૨૦૨૧ કારતક શુદ ૧ તા. ૫-૧૧-૬૪ થી આસો વદ ૦))

| તા. ૪-૧૧-૬૪ | ફંડ તથા દેવું | તા. ૨૪-૧૦-૬૫ |
|---|---|---|
| રૂા. પૈસા | | રૂા. પૈસા |
| ૬૦,૦૦૦-૦૦ | સ્થાહિ ફંડ મકાન ફાળા પરિ ૧૯ + ૩૭૫૧-૦૦ | ૬૩,૭૫૧-૦૦ |
| ૭,૫૧૪-૦૦ | પેટ્રન સભ્ય લવાજમ પરિ. ૨૩ | ૭,૫૧૪-૦૦ |
| ૧,૫૦૬-૦૦ | હિતેચ્છુ સભ્ય લવાજમ પરિ. ૨૪ | ૧,૫૦૬-૦૦ |
| ૮,૯૭૭-૦૦ | આજીવન સભ્ય લવાજમ પરિ. ૨૫ | ૮,૯૭૭-૦૦ |
| ૧૩,૪૦૫-૦૦ | કાયમી તિથી ભોજન પરિ. ૨૬ | ૧૩,૪૦૫-૦૦ |
| ૧૫,૮૨૯-૭૮ | ચાલુ ફંડ | ૧૮,૧૫૧-૦૨ |
| ૨,૦૦૦-૦૦ | રીઝર્વ ફંડ | ૨,૦૦૦-૦૦ |
| ૧૯૦-૦૦ | મુળશંકરભાઈ લા. ઉપાધ્યાય | ૧૯૦-૦૦ |
| ૦૦-૦૦ | એડવાન્સ ખાતું (ભાવના પ્રો. સ્ટોર) | ૧૦૦-૦૦ |
| ૧,૦૯,૪૨૧-૭૮ | | ૧,૧૫,૫૯૪-૦૨ |

ચાલુ ફંડમાં વધારો રૂા. ૨,૩૨૧-૨૪ થયેલ છે.

તા. ૨૯-૩-૬૬
રાજકોટ

નોંધ:- પુંજાણી એન્ડ કું.
માં ઓડીટ થયેલ છે.

# મોઢ બ્રાહ્મણ જ્ઞાતિ હિતેચ્છુ મંડળ

## તા. ૨૪-૧૦-૬૫ સુધીના પુરા વર્ષનું સરવૈયું.

| તા. ૪-૧૧-૬૪ રૂ. પૈસા | મિલ્કત તથા લેવું | | તા. ૨૪-૧૦-૬૫ રૂ. પૈસા |
|---|---|---|---|
| ૫૮,૦૦૦-૦૦ | વિદ્યાર્થી ભુવન મકાન | વધારો + ૨૬,૨૯૦-૯૪<br>ઘટાડો - ૮૭૦-૦૦ | ૮૩,૪૨૦-૯૪ |
| ૧,૧૬૦-૦૦ | ફરનીચર | ઘટાડો - ૧૧૬-૦૦ | ૧,૦૪૪-૦૦ |
| ૧,૪૦૦-૦૦ | ઠામવાસણ | ઘટાડો - ૧૪૦-૦૦ | ૧,૨૬૦-૦૦ |
| ૧,૨૦૦-૦૦ | પલંગ | ઘટાડો - ૧૨૦-૦૦ | ૧,૦૮૦-૦૦ |
| ૨૭-૭૦ | ધી બેંક ઓફ ઇંડિયા ચાલુ ખાતું | વધારો + ૧,૩૫૧-૦૯ | ૧,૩૭૮-૭૯ |
| ૩૨,૯૪૨-૫૨ | ધી બેંક ઓફ ઇંડિયા ફીક્સ ડીપોઝીટ | ઘટાડો -- ૧૧,૨૦૦-૧૮ | ૨૧,૭૪૨-૩૪ |
| ૧૦,૦૦૦-૦૦ | ફીક્સ ડીપોઝીટ યુનિયન બેંક ઓફ ઇંડીયા | ઘટાડો - ૫,૦૦૦-૦૦ | ૫,૦૦૦-૦૦ |
| ૩,૩૫૦-૧૨ | સ્ટેટ બેંક ઓફ સૌરાષ્ટ્ર (સેવીંગ) | ઘટાડો - ૨,૯૧૧-૮૩ | ૪૩૮-૨૯ |
| ૧,૩૪૧-૪૪ | રોકડ શિલક | ઘટાડો - ૧,૧૧૧-૭૮ | ૨૨૯-૬૬ |
| ૧,૦૯,૪૨૧-૭૮ | | | ૧,૧૫,૫૯૪-૦૨ |

[પુરાંત તા. ૪-૧૧-૬૪]
(રૂ. ૪૭,૬૬૧-૭૮)

[પુરાંત તા. ૨૪-૧૦-૬૫]
(રૂ. ૨૮,૭૮૯-૦૮)

પુરાંતમાં રૂ. ૧૮,૮૭૨-૭૧ ઘટાડો થયો છે.

## પરિશિષ્ટ નં. ૧

### વિદ્યાર્થી ભુવનના મકાનની મળેલ ભાડાની આવકની વિગત

૨૭૫૦-૦૦ ગુજરાત રાજ્ય ચેરીટી કમિશ્નરની રાજકોટ ઓફીસ તરફથી જગ્યાના ભાડાના માહે સપ્ટે. ૧૯૬૪થી માહે જુલાઈ ૧૯૬૫ સુધીના ૧૧ માસના રૂ. ૨૫૦ લેખે.

૨૪૫-૦૦ બહારના ભાગની દુકાનો ભાવના પ્રોવિજન સ્ટોરના તા. ૧૪-૭-૬૫ થી ઓકટોબર સુધીસા માસ ૩॥ ના ભાડાના રૂ. ૭૦ લેખે.

૨૯૯૫-૦૦

## પરિશિષ્ટ નં. ૨

### વિદ્યાર્થીઓના સત્ર લવાજમ ફીની આવક

૧૫-૦૦ નટવરલાલ ગૌરીશંકર ત્રિવેદી બીજી ટર્મ
૩૦-૦૦ પ્રવિણચંદ્ર પ્રાણલાલ ત્રિવેદી બીજી ટર્મ
૭૫-૦૦ ત્રંબકલાલ લાભશંકર ત્રિવેદી બીજી ટર્મ
૧૫૦-૦૦ હરિહર મુકુંદરાય રાવલ બીજી ટર્મ
૬૦-૦૦ પ્રવિણચંદ્ર અમૃતલાલ બીજી ટર્મ
૬૦-૦૦ જીતેન્દ્ર લાભશંકર બીજી ટર્મ
૨૦-૦૦ દિનેશ કાન્તિલાલ ભટ્ટ પ્રથમ ટર્મ
૨૦-૦૦ મુકુંદરાય કાન્તિલાલ ,, ,,
૫-૦૦ હસમુખરાય વ્રજલાલ
૩૫-૦૦ અરવિંદકુમાર દેવશંકર
૩૫-૦૦ રમેશચંદ્ર શાંતિલાલ
૨૦-૦૦ કિશોરકુમાર લક્ષ્મીશંકર ત્રિવેદી
૨૦-૦૦ મનસુખલાલ પ્રાણલાલ ત્રિવેદી
૨૦-૦૦ રમણીકલાલ પ્રાણલાલ
૫-૦૦ હરિલાલ શાંતિલાલ-રમણીકલાલ પ્રાણલાલ
૨૦-૦૦ બળવંતરાય મોહનલાલ જાની
૩૫-૦૦ પ્રવિણકુમાર પ્રાણલાલ ત્રિવેદી
૫-૦૦ હર્ષદરાય શંકરલાલ ત્રિવેદી
૧૫૫-૦૦ અરવિંદકુમાર જેઠાલાલ
૨૦-૦૦ શશીકાન્ત ગીરજાશંકર ત્રિવેદી
૨૦-૦૦ સૂર્યકાન્ત ગીરજાશંકર ત્રિવેદી
૧૫૫-૦૦ મનસુખલાલ નવલશંકર વ્યાસ
૧૧૫-૦૦ બકુલકુમાર નવલશંકર વ્યાસ
૧૫૫-૦૦ જોષી કિશોરચંદ્ર વલભજી
૫-૦૦ ઉપાધ્યાય વસંતલાલ વિશ્વનાથ
૧૫-૦૦ રમેશચંદ્ર દેવશંકર ત્રિવેદી
૩૦-૦૦ યશવંતરાય છેલશંકર
૧૫-૦૦ કિશોરકુમાર લક્ષ્મીશંકર
૩૦-૦૦ રમણીકલાલ પ્રાણલાલ
૩૦-૦૦ ભાનુશંકર ગિરજાશંકર
૧૫-૦૦ બળવંતરાય મોહનલાલ
૧૫૦-૦૦ અરવિંદકુમાર જેઠાલાલ
૧૨૦-૦૦ ધીરજલાલ સેવકરામ
૬૦-૦૦ રમેશચંદ્ર પ્રાણલાલ
૧૫૦-૦૦ શંભુપ્રસાદ જોષી
૧૫૦-૦૦ અરવિંદકુમાર જાની
૧૫-૦૦ હર્ષદરાય શંકરલાલ

૨૦૭૫-૦૦

## પરિશિષ્ટ નં. ૩

### ચાલુ મીતી ભોજન નિમિતે

૨૫-૦૦ ગો. કે. દવે કારતક વદી ૭.

૨૫-૦૦ કારતક વદ ૧૧ મનસુખલાલ હરિલાલ ત્રિવેદી તરફથી તેમના પિતાશ્રીની મિતિ નિમિતે.

૩૦-૦૦ શેઠ પ્રેમજી હરિદાસ તરફથી.

૨૫-૦૦ શેઠ મનસુખલાલ પ્રેમજી તરફથી.

૩૫-૦૦ વૈદ્યરાજ ચંદ્રશંકર રવિશંકરની વૈશાખ શુદ ૨.

૩૫-૦૦ સ્વ. ચંદ્રશંકર રવિશંકર ભટ્ટ તરફથી ભોજન નિમિતે ભાદરવા વદ બીજ.

૨૫-૦૦ લાલજી ક્રિપાશંકર તરફથી ભાદરવા શુદ ૧૫.

૨૦૦-૦૦

## પરિશિષ્ટ નં. ૪

### લગ્ન પ્રસંગે ભેટ

૧૧-૦૦ જયાશંકર રામેશ્વર પંડયા સુપુત્ર ચીમનલાલના લગ્ન પ્રસંગે

૧૧-૦૦ વૈદ્યરાજ રતિલાલ શિવશંકરની સુપુત્રીના લગ્ન પ્રસંગે.
૧૪-૫૦ ડૉ. રામેશ્વર એમ. ત્રિવેદીના પુત્ર પ્રમોદ-કુમારના લગ્ન પ્રસંગે
૨૫-૦૦ ડૉ. ભગવાનજી જેઠાલાલની સુપુત્રી વિદ્યા-બહેનનાં લગ્ન પ્રસંગે.
૧૧-૦૦ જયંતીલાલભાઈ પડધરીવાળાના સુપુત્રના લગ્ન પ્રસંગે.
૧૧-૦૦ માધવલાલ એમ. ત્રિવેદીની સુપુત્રીના લગ્ન પ્રસંગે.
૧૦૧-૦૦ મહાદેવ કાલીદાસના પુત્રી શારદાબહેનના લગ્ન પ્રસંગે
૧૫-૦૦ બંસીલાલ પ્રાણલાલના ભાઈશ્રી ભીખુભાઈના લગ્ન પ્રસંગે.
૫-૦૦ પુરુષોત્તમ પ્રસાદ રામકૃષ્ણના સુપુત્ર શાંતિ-લાલના લગ્ન પ્રસંગે.
૫-૦૦ ભાઈશંકર પ્રભાશંકર ભટ્ટના સુપુત્રી કુસુમ-બાળાના લગ્ન પ્રસંગે.
૧૪-૫૦ શંકરલાલ કાલિદાસની પુત્રી નલિનાના લગ્ન પ્રસંગે.
૧૧-૨૫ પરશોત્તમ વજેરામભાઈના સુપુત્ર જગદીશના લગ્ન પ્રસંગે.
૮-૫૦ પ્રાણલાલ મયાશંકર ત્રિવેદીની સુપુત્રી શારદાનાં લગ્ન પ્રસંગે.
૮-૫૦ ગોવિંદરાય દુલભજીના સુપુત્ર ભાસ્કરરાયના લગ્ન પ્રસંગે.
૨૫-૦૦ યશવંતરાય હરિશંકર ઉપાધ્યાય આસનસોલ તેમના પુત્રી જનકબાળાના લગ્ન પ્રસંગે.

---

૨૭૭-૨૫

## પરિશિષ્ટ નં. ૫
### સગપણ પ્રસંગે ભેટ.

૫-૦૦ શ્રી શંભુપ્રસાદ પ્રાણલાલ શુકલના સુપુત્રી સગપણ પ્રસંગે.
૫-૦૦ શાંતિલાલ ત્રિવેદીના સુપુત્ર ભીખુભાઈના સગપણ પ્રસંગે.
૫-૨૫ શ્રી ચંદુલાલ રામકૃષ્ણની સુપુત્રીના સગપણ પ્રસંગે.
૫-૨૫ શ્રી અમૃતલાલ રેવાશંકરના સુપુત્રના સગપણ પ્રસંગે.
૧૧-૦૦ શ્રી દયાશંકર રતનજી ભટ્ટ તેમના સુપુત્રી દિવ્યબાળાના સગપણ પ્રસંગે.
૧૧-૦૦ શ્રી ભાઈશંકર જાની, હર્ષદપુર તેમના સુપુત્ર લાભશંકરના સગપણ પ્રસંગે.
૧૧-૦૦ શ્રી પ્રેમશંકરભાઈ જગન્નાથની સુપુત્રી ચંદ્રિકાના સગપણ પ્રસંગે.
૧૧-૦૦ શ્રી મુગટલાલ અંબાશંકરના સુપુત્ર હર્ષદરાયના સગપણ પ્રસંગે.
૫-૦૦ શ્રી ભાઈશંકર બાવાભાઈના સુપુત્રી ચંદ્રિકાના સગપણ પ્રસંગે.
૫-૫૦ શ્રી લક્ષ્મીશંકર ઉદયશંકરની સુપુત્રીના સગપણ પ્રસંગે
૫-૫૦ શ્રી ત્ર્યંબકલાલ જાદવજીના સુપુત્રના સગપણ પ્રસંગે.
૫-૨૫ શ્રી ત્રિવેદી ભાનુશંકર ગૌરીશંકરના સુપુત્રી ઇન્દુમતીના સગપણ પ્રસંગે.
૫-૨૫ શ્રી શંકરલાલ ઉમિયાશંકરના સુપુત્ર અનંતરાયના સગપણ પ્રસંગે.
૨-૫૦ શ્રી નંદલાલ બેચરલાલ ત્રિવેદી તેમના સુપુત્રી દમયંતીના સગપણ પ્રસંગે.
૨-૫૦ શ્રી કાલીદાસ પોપટલાલ શાસ્ત્રી તેમના સુપુત્ર કાન્તિલાલના સગપણ પ્રસંગે

---

૯૬-૦૦

## પરિશિષ્ટ નં. ૬
### યજ્ઞોપવિત નિમિત્તે

૫-૦૦ શ્રી પ્રાગજી નરસિંહના સુપુત્ર લક્ષ્મીશંકરભાઈના સુપુત્રને યજ્ઞોપવિત નિમિત્તે.
૫-૨૫ શ્રી રવિશંકર જેશંકર જાનીના સુપુત્ર પ્રભુલાલના સુપુત્રને યજ્ઞોપવિત નિમિત્તે.

---

૧૦-૨૫

## પરિશિષ્ટ નં. ૭

### ઉત્તરક્રિયા નિમિત્તે

૩૮–૨૫ શ્રી ઉમિયાશંકર પ્રાણલાલના પિતાશ્રી રણછોડભાઈની ઉત્તરક્રિયા મિમિતે.
૫–૨૫ શ્રી ગિરજાશંકર પોપટલાલના સુપુત્ર મહેન્દ્રકુમારના પત્નિની ઉત્તરક્રિયા નિમિતે.
૫–૨૫ શ્રી મહેશકુમાર પરશોત્તમ ત્રિવેદી તેમના માતુશ્રી જયાબેનની ઉત્તરક્રિયા નિમિતે.
૫–૦૦ શ્રી નારદલાલભાઈની ઉત્તરક્રિયા નિમિતે.
૫–૦૦ શ્રી મણીશંકર કાશીરામની ઉત્તરક્રિયા નિમિતે
૧૪–૨૫ શ્રી નરભેશંકર શિવશંકરભાઈની પત્નિ શિવકુંવરબાની ઉત્તરક્રિયા નિમિતે.
૨૮–૦૦ શ્રી સ્વ. હરિલાલ દેવશંકર શુકલની ઉત્તરક્રિયા નિમિતે.
૫–૦૦ શ્રી જટાશંકર જીવરામ શુકલની ઉત્તરક્રિયા નિમિતે.

૧૦૬–૦૦

## પરિશિષ્ટ નં. ૮

### વિવિધ પ્રસંગે ભેટ

૧૧–૦૦ શ્રી લાભશંકર ભવાનીશંકર શુકલ તરફથી ભેટ.

૧૧–૦૦

## પરિશિષ્ટ નં. ૯

### હિતેચ્છુઓ તરફથી ભેટ

૫૦૧–૦૦ શેઠશ્રી હિરાલાલ છગનલાલ તરફથી ડોનેશન.

૫૦૧–૦૦

## પરિશિષ્ટ નં. ૧૦

### સભ્ય લવાજમ સંવત ૨૦૨૧ સાલનું

૨–૦૦ શ્રી પ્રાગજી નરસિંહ સં. ૨૦૨૧
૨–૦૦ ,, પ્રહલાદ મહાદેવભાઈ
૨–૦૦ ,, અ. સૌ. હેમતબાળા
૨–૦૦ ,, શશીકાન્તભાઈ
૨–૦૦ ,, પૂર્ણિમાં
૨–૦૦ ,, વિજયકાન્ત મહાદેવભાઈ
૨–૦૦ ,, તફલત્તા બહેન
૨–૦૦ ,, કમળા બહેન
૨–૦૦ ,, શારદાબહેન બે વર્ષના ૨૦૨૦–૨૧
૧–૦૦ ,, જેઠાલાલ પુ. ત્રિવેદી
૧–૦૦ ,, હિરાલક્ષ્મી મગનલાલ
૧–૦૦ ,, રજનીકાન્ત મગનલાલ
૧–૦૦ ,, વ્રજલાલ મણીશંકર
૧–૦૦ ,, ઈશ્વરલાલ ગૌરીશંકર
૧–૦૦ ,, અમૃતલાલ બાલાશંકર
૧–૦૦ ,, જયેન્દ્ર જાદવરાય
૧–૦૦ ,, જ્યોત્સના જયેન્દ્રકુમાર
૧–૦૦ ,, છેલશંકર નરભેરામ
૧–૦૦ ,, પ્રતાપરાય વ્રજલાલ
૧–૦૦ ,, વસંતરાય બાલાશંકર
૧–૦૦ ,, વિનોદરાય અમૃતલાલ
૧–૦૦ ,, ભાનુશંકર ગિરજાશંકર
૧–૦૦ ,, નટવરલાલ ગૌરીશંકર
૧–૦૦ ,, નર્મદાશંકર લાધારામ
૧–૦૦ ,, નિર્મળાબહેન નર્મદાશંકર
૧–૦૦ ,, ગિરજાશંકર લાધારામ
૧–૦૦ ,, ગાયત્રી ઉપાધ્યાય
૧–૦૦ ,, મુળશંકર લાધારામ
૧–૦૦ ,, પ્રભુલાલ રવિશંકર જાની
૧–૦૦ ,, જયાશંકર રણછોડભાઈ
૧–૦૦ ,, હીરાગૌરી જયાશંકર
૧–૦૦ ,, જન્મદિત ભાઈશંકર
૧–૦૦ ,, ભીખાલાલ ઇશ્વરલાલ
૧–૦૦ ,, ઉમળકાન્ત ભાનુશંકર
૧–૦૦ ,, હરિલાલ અંબાલાલ
૧–૦૦ ,, ત્રિવેદી શાન્તીલાલ
૧–૦૦ ,, ત્રિવેદી ગીરજાશંકર
૧–૦૦ ,, ત્રિવેદી દેવશંકરભાઈ
૧–૦૦ ,, ત્રિવેદી પ્રાણલાલભાઈ
૧–૦૦ ,, ત્રિવેદી વિનોદરાય શંકરલાલ

૧-૦૦ ,, ત્રિવેદી લક્ષ્મીશંકરભાઈ
૧-૦૦ ,, ઉમિયાશંકર લાલજી ઉપાધ્યાય
૧-૦૦ ,, વિનોદરાય ઉમિયાશંકર ,,
૧-૦૦ ,, ભાનુમતિ ઉમિયાશંકર ,,
૧-૦૦ ,, લાભશંકર ભ. શુકલ
૧-૦૦ ,, છોટાલાલ ભ. શુકલ
૧-૦૦ ,, કંચનગૌરી લાભશંકર
૧-૦૦ ,, પુષ્પાગૌરી લાભશંકર
૧-૦૦ ,, મહાલક્ષ્મી ભવાનીશંકર
૧-૦૦ ,, બાલાશંકર અંબાશંકર
૧-૦૦ ,, જયાગૌરી બાલાશંકર
૧-૦૦ ,, રમાગૌરી બાલાશંકર
૧-૦૦ ,, અનંતરાય બાલાશંકર
૧-૦૦ ,, શાન્તીલાલ પુ. ત્રિવેદી
૧-૦૦ ,, કુસુમબાળા શાન્તિલાલ
૧-૦૦ ,, ભાઈશંકર પ્રભાશંકર
૧-૦૦ ,, ધીરજબેન ભાઈશંકર
૧-૦૦ ,, જગદીશચંદ્ર ભાઇશંકર
૧-૦૦ ,, વિદ્યાબેન જગદીશચંદ્ર
૧-૦૦ ,, રજનીકાન્ત શાન્તલાલ
૧-૦૦ ,, શારદાબેન શાન્તિલાલ
૧-૦૦ ,, નટવરલાલ શાન્તિલાલ
૧-૦૦ ,, નિર્મળા નટવરલાલ
૧-૦૦ ,, વાલકુંવરબેન શુકલ
૧-૦૦ ,, ઉર્મિલાબેન શુકલ
૧-૦૦ ,, ચંદ્રકાન્તભાઈ
૧-૦૦ ,, પન્નાબેન ચંદ્રકાન્તભાઈ
૧-૦૦ ,, નર્મદાબેન ચંદ્રશંકરભાઈ
૧-૦૦ ,, નાનીબેન ચંદ્રશંકરભાઈ
૧૦૦૦ ,, મંગળાગૌરી છોટાલાલ
૧-૦૦ ,, કિશોરકુમાર કાન્તીલાલ
૧-૦૦ ,, લાભશંકર ત્રિવેદી
૧-૦૦ ,, મગનલાલ પોપટલાલ ઉપાધ્યાય
૧-૦૦ ,, જયાલક્ષ્મી મગનલાલ
૧-૦૦ ,, રસીકલાલ મગનલાલ
૧-૦૦ ,, રમાગૌરી રસીકલાલ
૧-૦૦ શ્રી નવલશંકર કુરજી
૧-૦૦ ,, રમાગૌરી કુરજી
૧-૦૦ ,, ત્રવાડી જયાશંકર ભાઇશંકર

---

૮૯-૦૦

## પરિશિષ્ટ નં. ૧૧

### વ્યાજની આવક

૨૬૪-૭૮ ફીકસડિમાંડનું વ્યાજનું વ્યાજ
૩૨૪-૪૫ ફીકસડિમાંડ રૂા. ૧૦૦૦૦ યુનીયન બેંકમાં મુકેલ તેનું ૧ વર્ષનું વ્યાજ
૪૫૮-૫૬ વ્યાજની આવક ફીકસડીમાંડનું વ્યાજ.
૧૦૭-૩૦ વ્યાજ રૂા. ૫૦૦૦ છ માસનું યુનીયન બેંકનું વ્યાજ.
૧૩૩-૦૦ સેવીંગ બેંકનું વ્યાજ આવતા તે જમા લેતા.

---

૧૨૮૮-૦૯

## પરિશિષ્ટ નં. ૧૨

### ગત અધિવેશનમાં આપેલ વચન પ્રમાણે આવેલ ફાળો.

### તેરમાં અધિવેશન

૨૧-૦૦ રમણીકલાલ પ્રભાશંકર
૨૧-૦૦ ધીરજલાલ નારણજી

---

૪૨-૦૦

## પરિશિષ્ટ નં. ૧૩

### જાહેર ખબર ખાતે જમા

૫૦૧-૦૦ રૂબ્બી મીલ્સ
૨૫૧-૦૦ ચત્રભુજ લીલાધર કું.
૫૦૦-૦૦ સોનાવાલા ઈન્ડસ્ટ્રીઝ પ્રા લી.
૫૦૦-૦૦ મહાલક્ષ્મી સીલ્ક મીલ્સ
૫૦૦-૦૦ પ્રભાત પ્રોડકસન પ્રા. કંપની લીમીટેટ
૫૦૦-૦૦ વેજીટેબલ વીટામીન્સ પ્રા. લી.
૫૦૦-૦૦ નેશનલ ટ્રાન્સપોર્ટ પ્રા. કું લીમીટેડ
૫૦૦-૦૦ ખટાઉ સ્પીનીંગ મીલ્સ.
૫૦૦-૦૦ ભાવેશ્વર કન્ડકશન કું.

૫૦૦—૦૦ એ વીલ વિસર કું.
૫૦૦—૦૦ હિંદ ટેકસ ટાઇલ્સ કું. પ્રા. લી
૫૦૦—૦૦ વેસ્ટન ઈંડીયા પ્રા. કું. લી.
૫૦૦—૦૦ યુનિવર્સલ ઇન્ડસ્ટ્રીઝ-રાજકોટ.
૫૦૦—૦૦ શ્રી રામ મીલ્સ પ્રા. લી. મુંબઈ.
૫૦૦—૦૦ મોડેલા વુલન મીલ્સ.

---

૭૨૫૧—૦૦

## પરિશિષ્ટ નં. ૧૪
### વિદ્યાર્થી ભુવન ખર્ચ
### શ્રી મંડળખર્ચ ખાતે ઉધાર

ઉ

૨૩૪૬—૫૪ શ્રી અનાજ ખર્ચ
૩૯૩—૮૪ ,, ખાંડ ખર્ચ
૨૮૧—૭૩ ,, મસાલા ખર્ચ
૫૦૪—૮૫ ,, તેલ ખર્ચ
૧૨૨૦—૪૩ ,, ઘી ખર્ચ
૧૩૬—૯૪ ,, ગોળ ખર્ચ
૩૮—૨૦ ,, કેરોસીન ખર્ચ
૯૧૮—૮૫ ,, સરપણ ખર્ચ
૧૯૭—૧૬ ,, ઇલેકટ્રીક ખર્ચ
૩૯—૧૧ ,, સ્ટેશનરી ખર્ચ
૧૧૭—૬૪ ,, પુસ્તકાલય ખર્ચ
૧૦૭૬—૮૩ ,, પગાર ખર્ચ
૯૮—૪૭ ,, અનાજ દળામણ ખર્ચ
૪૬—૦૯ ,, પ્રવાસ ખર્ચ
૧૯૪—૯૯ ,, પરચુરણ ખર્ચ
૭૫૨—૨૫ ,, દૂધ છાસ ખર્ચ
૬૪૫—૧૯ ,, શાક દાતણ ખર્ચ
૮—૦૦ ,, તોલ માપ ખર્ચ
૧૦—૬૨ ,, ઈનામ વિતરણ ખર્ચ
૪૯—૦૦ ,, નળ ચાર્જ ખર્ચ
૨૦—૦૦ ,, ઠામ વાસણ ખર્ચ
૨—૬૪ ,, રમત ગમત ખર્ચ
૩૮—૦૦ ,, જાહેરાત ખર્ચ
૧૪—૫૦ ,, મીઠાઈ ખર્ચ

---

૯૧૫૮—૮૩
બા ———
૧૦૦—૨૬ ( પરચુરણ આવક )

---

૯૦૫૮—૪૭
બા ———
૯૦૩—૦૫ ( પરચુરણ માલ કોઠારમાં છે. )

---

૮૧૫૫—૪૨

## પરિશિષ્ટ નં. ૧૪
### વિદ્યાર્થી ભુવન ખર્ચ ખાતું

૬૮૯—૦૦ માહે નવેમ્બર
૯૩૦—૦૦ માહે ડીસેમ્બર
૯૫૦—૦૦ માહે જાન્યુઆરી
૧૦૦૦—૦૦ માહે ફેબ્રુઆરી
૯૩૫—૦૦ માહે માર્ચ
૬૪૨—૪૧ માહે એપ્રીલ
૩૦૦—૦૦ માહે મે
૩૫૫—૮૪ માહે જુન
૮૦૨—૨૫ માહે જુલાઈ
૮૧૧—૯૭ માહે ઓગસ્ટ
૬૩૫—૦૦ માહે સપ્ટેમ્બર
૧૦૦૮—૦૦ માહે ઓકટોબર

---

૯૦૫૮—૪૭

## પરિશિષ્ટ નં. ૧૫
### સ્કોલરશીપ

૫૦—૦૦ શ્રી હસુમતી વ્રજલાલ
૧૦૦—૦૦ ,, હસુમતી વ્રજલાલ
,, વનમાળી વ્રજલાલ
૬૦—૦૦ ,, હર્ષદરાય હરિલાલ

૫૦-૦૦ ,, નવિન અને મનસુખલાલ (બન્ને બાળકો)
૯૦-૦૦ ,, જર્નાદન ભાઈશંકર
૫૦-૦૦ ,, મધુકાન્તા નવલશંકર (બંને બેનોને)
૯૦-૦૦ ,, કુમાર ભાનુશંકર
૨૫-૦૦ ,, પ્રવિણચંદ્ર ગિરજાશંકર
૨૫-૦૦ ,, રઘુનંદન જગજીવન
૯૦-૦૦ ,, રમાગૌરી ચત્રભુજ
૨૫-૦૦ ,, મકુન્દરાય કાન્તીલાલ
૯૦-૦૦ ,, વિનોદરાય ઉમિયાશંકર
૫૦-૦૦ ,, જીતેન્દ્ર ડાહ્યાલાલ
૫૦-૦૦ ,, મંજુલા ઇશ્વરલાલ,
ભીખાલાલ ઇશ્વરલાલ
૫૦-૦૦ વનીતા ચંદુલાલ

૮૯૫-૦૦

૫૦-૦૦ ,, હર્ષદબાળા પ્રાણલાલ
૫૦-૦૦ ,, ગીતાગૌરી પોપટલાલ
૧૨૦-૦૦ ,, વનમાળા વૃજલાલ અને
હસુમતિ વૃજલાલ
૩૦-૦૦ ,, જીતેન્દ્ર ડાહ્યાલાલ
૬૦-૦૦ ,, વિનોદરાય ઉમિયાશંકર
૨૦-૦૦ ,, મંજુલા ઇશ્વરલાલ
૨૫-૦૦ ,, ભીખાલાલ ઇશ્વરલાલ
૬૦-૦૦ ,, કુમાર ભાનુશંકર
૫૦-૦૦ ,, હર્ષદરાય હરિલાલ
૬૦-૦૦ ,, જનાર્દન ભાઈશંકર
૯૦-૦૦ ,, રમાગૌરી ચત્રભુજ
મુકુન્દરાય કાન્તિલાલ
૬૦-૦૦ ,, શંભુપ્રસાદ જયશંકર ત્રિવેદી
૪૦-૦૦ ,, મંજુલા ઇશ્વરલાલ તથા નવલશંકર કુરજી તેના બે પુત્રીઓને

૧૬૧૦-૦૦

## પરિશિષ્ટ નં. ૧૬
### વિધવા સહાયક

૮૪-૦૦ રૂપિયા ૭ લેખે મણીબેન મયાશંકરને આપ્યા માસિક રૂા. ૭ લેખે આપ્યા તે.

## પરિશિષ્ટ નં. ૧૭
### શ્રી વટાવ બેંક કમીશન ખાતું

૩-૬૨ ,, બેંકની અંદર યુનિયન બેંકમાં ટ્રાન્સફર કરતાં વટાવ આપવા પડયો તે ખર્ચના.

## પરિશિષ્ટ નં. ૧૮
### રિપોર્ટ ખર્ચ

૪૦-૦૦ રો. પા. ૪૩
૬૪-૦૦ રો. પા. ૫૦
૨૯૦-૦૦ રો. પા. ૫૬

૩૪૪-૦૦ સં. ૨૦૨૦ સાલનો રિપોર્ટ છપાવતા તેના ખર્ચના.

## પરિશિષ્ટ નં. ૧૯
### નવું મકાન બાંધકામ ખર્ચ

૨૬,૨૯૦-૯૪ નવું મકાન બાંધકામ કરતા તેના ખર્ચના

૮૭૦-૦૦ નિયમ પ્રમાણે ઘસારો બાદ કરતાં

૨૫,૪૨૦-૯૪

૩,૭૫૧-૦૦ મકાન બાંધકામનો ફાળો આવતા તેના પરિશિષ્ટ નં. ૧૯

૨૧,૬૬૯-૯૪

## પરિશિષ્ટ નં. ૧૯
### મકાન ફાળો (સ્થાયિ ફંડ)

૧૦૧-૦૦ શ્રી મગનલાલ ચીમનલાલ
૧૦૧-૦૦ ,, ચંદ્રશંકર રવિશંકર ભટ્ટ
૧૫-૦૦ ,, વૃજલાલ નાનજી
૨૫-૦૦ ,, મનહરલાલ મણિશંકર
૨૫-૦૦ ,, સદ્‌ગૃહસ્થ તરફથી
૨૫-૦૦ ,, ભાઈશંકર ગૌવીંદજી
૯૦૦-૦૦ ,, સ્વ. વૈદ્યરાજ ચંદ્રશંકર રવિશંકર
૧૫૦૦-૦૦ ,, દુર્લભજી રેવાશંકર ત્રિવેદી
૨૫-૦૦ ,, પ્રભાત (રોલીંગ શટર્સ)

૨૧–૦૦ ,, મુગટલાલ મયાશંકર ત્રિવેદી
૧૦૧–૦૦ ,, ભીખાલાલ પ્રાણલાલ
૧૧–૦૦ ,, ઉમિયાશંકર લાલજી
૮૦૦–૦૦ ,, પદ્માબેન મહેશ્વર
૧૦૧–૦૦ ,, મનસુખલાલ હરિલાલ ત્રિવેદી

---

૩૭૫૧–૦૦

## પરિશિષ્ટ નં. ૨૦

### શ્રી ફરનીચર ઘસારો

૧૧૬–૦૦ નિયમ પ્રમાણે કાપેલ છે તે.

## પરિશિષ્ટ નં. ૨૧

### શ્રી ઠામ વાસણનો ઘસારો

૧૪૦–૦૦ નિયમ પ્રમાણે ખર્ચ બતાવેલ છે.

## પરિશિષ્ટ નં. ૨૨

### શ્રી પલંગનો ઘસારો

૧૨૦–૦૦ નિયમ પ્રમાણે ખર્ચ બતાવેલ છે.

### સ્ટેશનરી ખર્ચ

૧૫–૨૫ ,, રો. પા. ૪૩
૧૫–૭૫ ,, રો. પા. ૪૭
૨–૫૦ ,, રો. પા. ૫૦
૮–૭૫ ,, રો. પા. ૫૧
૧૬–૦૦ ,, રો. પા. ૫૨
૧૨–૦૦ ,, રો. પા. ૫૬
૮–૦૦ ,, રો. પા. ૬૦
૭–૫૬ ,, રો. પા. ૬૧
૦૦–૫૦ ,, રો. પા. ૬૧

---

૮૬–૭૧

### પોસ્ટેજ ખર્ચ

૧૦–૨૦ ,, રો. પા. ૪૩
૧૦–૦૦ ,, રો. પા ૫૦
૭–૫૦ ,, રો. પા, ૫૧
૫–૦૦ ,, રો. પા. ૫૨
૩૧–૮૦ ,, રો. પા. ૫૫
૫–૦૦ ,, રો. પા. ૫૮
૫–૦૦ ,, રો. પા. ૬૦
૩–૭૫ ,, રો. પા. ૬૧
૧૦–૮૦ ,, રો. પા.

---

૮૮–૫૫

### પરચુરણ ખર્ચ

૨૪–૦૦ ,, રો. પા. ૪૧

### વકીલ ખર્ચ

૧૧૫–૦૦ ,, રો. પા. ૪૨

## પરિશિષ્ટ નં. ૨૩

### પેટ્રન સભ્ય (કાયમી)

૫૦૧–૦૦ શ્રી કરસનજી ડાહ્યાભાઈ ત્રિવેદી
૫૦૧–૦૦ ,, હરિશંકર ડાહ્યાભાઈ ત્રિવેદી
૫૦૧–૦૦ ,, કલ્યાણજી નરસીંહભાઈ જાની
૫૦૧–૦૦ ,, મહાદેવ કાલીદાસ ત્રિવેદી
૫૦૧–૦૦ ,, મણીશંકર કરસનજી જાની
૫૦૧–૦૦ ,, નવલશંકર મયાશંકર ત્રિવેદી
૫૦૧–૦૦ ,, રામકૃષ્ણ ડાહ્યાલાલ ત્રિવેદી
૫૦૧–૦૦ ,, માનશંકર રણછોડ ઉપાધ્યાય
૫૦૧–૦૦ ,, જમનાદાસ કરસનજી જાની
૫૦૧–૦૦ ,, વિઠલજી કરસનજી જાની
૫૦૧–૦૦ ,, ભાનુશંકર લાધારામ ઉપાધ્યાય
૫૦૧–૦૦ ,, ગોવિંદજી જેઠાભાઈ જાની
૫૦૧–૦૦ ,, ડૉ. રામેશ્વર મોહનલાલ ત્રિવેદી
૫૦૧–૦૦ ,, રતિલાલ મણીશંકર જાની
૫૦૧–૦૦ ,, પ્રભાકર મણીશંકર જાની

---

૭૫૧૪–૦૦

## પરિશિષ્ટ નં. ૨૪

### હિતેચ્છુઓ સભ્ય લવાજમ (સ્થાઈ) (કાયમી) વધારો.

૨૫૧-૦૦ શ્રી મનસુખલાલ હરિલાલ, મદ્રાસ.
૨૫૧-૦૦ ,, જ્યોત્સના રતિલાલ જાની, નાઇરોબી.
૨૫૧-૦૦ ,, પ્રભુલાલ જમનાદાસ જાની ,,
૨૫૧-૦૦ ,, માનશંકર બેચરલાલ ત્રિવેદી, મુંબઈ.
૨૫૧-૦૦ ,, ગૌરીશંકર નંદશંકર ત્રિવેદી, કલકત્તા.
૨૫૧-૦૦ ,, રમણીકલાલ રતનજી ભટ્ટ, મુંબઈ.

૧૫૦૬-૦૦

## પરિશિષ્ટ નં. ૨૫

### આજીવન સભ્ય

૧૦૧-૦૦ શ્રી લાલજી કૃિપાશંકર જાની, નાઇરોબી.
૧૦૦-૦૦ ,, યસવંતરાય હરિશંકર ઉપાધ્યાય
૧૦૦-૦૦ ,, ઉમિયાશંકર હરિશંકર ઉપાધ્યાય
૧૦૦-૦૦ ,, મોહનલાલ શીવજીભાઈ ત્રિવેદી
૧૦૦-૦૦ ,, જયદેવ મોહનલાલ
૧૦૧-૦૦ ,, વિશ્વનાથ અમરેશ્વર શુકલ, કિકુયુ.
૧૦૧-૦૦ ,, વિશ્વનાથ નરભેરામ, અલીયાબાલા.
